**કામિની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન(કતારગામ)**

**—: <u>સંમતિ પત્ર</u> :—**

નં. નોર્થઝોન/ આઉટ/ ૯૫૯૬
તારીખ :– ૦૧ /૦૧ /૨૦૨૫.

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**

**વિષય** :– સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ કોસાડ EWS આવાસ H1 અને H2 ખાતે આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (HWC) ના ટોઈલેટ રીનોવેશન કરવા બાબત.

**સંદર્ભ** :– (૧) સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં.૪૬૨/૨૦૨૪ તા.૧૪/૧૦/૨૦૨૪થી મંજુર થયેલ ભાવો અને શરતો ને આધિન.
(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રીની તા.૨૪/૧૨/૨૦૨૪ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ કોસાડ EWS આવાસ H1 અને H2 ખાતે આવેલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (HWC) ના ટોઈલેટ રીનોવેશન કરવાનું કામ, સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં.૪૬૨/૨૦૨૪ તા.૧૪/૧૦/૨૦૨૪થી મંજુર થયેલ ટેન્ડરની અંદાજીત રકમ થી ૩૫.૦૦ % નીચા ભાવોને મંજુર કરવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબની મંજુરી અને ટેન્ડરના મંજુર ભાવ અને શરત મુજબ રૂા. ૪,૮૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં ઉકત વિષય મુજબની કામગીરી કરાવવાનું કામ સંદર્ભ(૨) થી મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી રૂા.૪,૮૦,૦૦૦.૦૦ પૈ. ની મયાર્દામાં સુરત મહાનગરપાલિકાની સ્થા.સ.ઠ.નં.૪૬૨/૨૦૨૪ તા.૧૪/૧૦/૨૦૨૪થી મંજુર થયેલ ભાવો અને શરતો ને આધિન કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં **તા.૦૬/૦૧/૨૦૨૫** સુધીમાં નોર્થઝોન(કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**—: <u>શ ર તો</u> :—**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૪,૮૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે ‘ ઈ–૨ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૯૬,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબકરવાની રહેશે.

--S.D-/
**કાર્યપાલક ઈજનેર**
**નોર્થઝોન(કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં, સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org
Mo.No.97241 97897